# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર
પીએબીએક્સ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭
વેબસાઇટ " www.gwssb.gujarat.gov.in "

## જાહેરાત

**ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી લાયકાત,ગુજરાતી /હિન્દી ભાષાનું જ્ઞાન તેમજ કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.**

| ક્રમ | સંવર્ગનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧ | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | ૮૩ | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ સહાયક અ.મ.ઇ.(સિ) માટે રૂા.૩૮,૦૯૦/- ફીકસ પગાર. પાંચ વર્ષની સંતોષકારક સેવા પછીનુ પગાર ધોરણપે મેટ્રીક્ષ રૂા.૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ |
| ૨ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૨૨ | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ સહાયક અ.મ.ઇ.(યાં) માટે રૂા.૩૮,૦૯૦/- ફીકસ પગાર. પાંચ વર્ષની સંતોષકારક સેવા પછીનુ પગાર ધોરણપે મેટ્રીક્ષ રૂા.૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ |

**ઉપરોકત જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ, વયમર્યાદા,અનામત જગ્યાઓ,અરજી ફી,પરીક્ષા પધ્ધતિ વિગેરે તેમજ ઓનલાઇન અરજી કરવા માટેની તમામ માહિતી ઓજસની વેબસાઇટ https://ojas.guj.nic.in અને બોર્ડની વેબસાઇટ http:// " www.gwssb.gujarat.gov.in " ઉપરથી મળી શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૩/૦૩/૨૦૧૮ (૧૪-૦૦ કલાક) થી તા.૧૧/૦૪/૨૦૧૮ (૨૩-૫૯ કલાક) દરમ્યાન http://ojas.guj.nic.in પર ઓન લાઇન અરજી કરવાની રહેશે.**

**સભ્ય સચિવ**

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

**(ગુજરાત સરકારનુ સાહસ)**

!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર

પીએબીએકસ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭ વેબસાઇટ " www.gwssb.gujarat.gov.in "


## જાહેરાત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી લાયકાત, ગુજરાતી / હિન્દી ભાષાનુ પર્યાપ્ત જ્ઞાન તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે

**(અ) જગ્યાઓની સંખ્યા અને અનામત જોગવાઇ**

| ક્રમ | જગ્યાનુ નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશકતતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | સામાન્ય | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | | |
| ૧ | અ.મ.ઇ.(સિવિલ) | ૮૩ | ૬૦ | ૦૪ | ૧૦ | ૦૯ | ૨૦ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ૨ | અ.મ.ઇ.(યાંત્રિક) | ૨૨ | ૧૫ | ૦૦ | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |

**(બ) જગ્યાનુ પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા**

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક મદદનીશ ઇજનેર (સિવિલ) | ૮૩ | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ સહાયક અ.મ.ઇ. (સિવિલ) માટે રૂા.૩૮,૦૯૦/- ફીકસ પગાર, પાંચ વર્ષની સંતોષકારક સેવા પછીનુ પગાર ધોરણ પે મેટ્રીક્ષ રૂા. ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ | માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી સિવિલ એન્જીનીયરીંગની ડીપ્લોમાની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ. | ૩૩ વર્ષ |
| ૨ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૨૨ | પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ સહાયક અ.મ.ઇ. (યાંત્રિક) માટે રૂા.૩૮,૦૯૦/- ફીકસ પગાર, પાંચ વર્ષની સંતોષકારક સેવા પછીનુ પગાર ધોરણ પે મેટ્રીક્ષ રૂા. ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ | માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મીકેનીકલ એન્જીનીયરીંગની ડીપ્લોમાની પદવી અથવા ડીપ્લોમા ઇન ઓટોમોબાઇલ અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ. | ૩૩ વર્ષ |

**નોધ:** (૧) (૧.૧) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના તા ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ નો ઉપરોક્ત વયમર્યાદામાં સમાવેશ થઇ જાય છે.આથી અલગથી વધુ છુટછાટ આપવાની બાબત ઉપસ્થિત થતી નથી.

(૧.૨) અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.

(૧.૩) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે

(૧.૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૧.૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનુ નથી આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૧.૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા પર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે

(૨) <u>**જાહેરાતની સામાન્ય જોગવાઇ**</u>

(૨.૧) નાગરિકત્વ : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇશે.

(૨.૨) જન્મ તારીખ : જન્મ તારીખના પુરાવા માટે સરકારશ્રી દ્વારા માન્ય કરાયેલ પ્રમાણપત્ર જ ધ્યાને લેવામાં આવશે.

(૨.૩) જાતિપ્રમાણપત્ર : અનામત કક્ષાના ઉમેદવારોએ સક્ષમ અધિકારીશ્રીનું નિયત નમૂનાનું જાતિ અંગેનું પ્રમાણપત્ર

(૨.૪) વયમર્યાદા : અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ થતી ઉંમર ધ્યાને લેવામાં આવશે

(૨.૫) ભાષાઓની જાણકારી બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો લાગૂ પડશે

(૨.૬) કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની જાણકારી હોવી જરૂરી છે.

(૩) <u>**વયમર્યાદામાં છૂટછાટ :**</u>

(૩.૧) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ-૫ થી વયમર્યાદામાં આપેલ છૂટછાટ નો જાહેરાતમાં દર્શાવેલ વયમર્યાદામાં સમાવેશ કરવામાં આવેલ છે.

**(૩.૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે. તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર રહેશે.**

| ક્રમ | કક્ષા | વયમર્યાદામા છૂટછાટ |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારો | ૦૫ વર્ષ (વધુમાં વધુ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મૂળ ગુજરાતના બિન અનામત મહિલા ઉમેદવારો | ૦૫ વર્ષ (વધુમાં વધુ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત મહિલા ઉમેદવારો | ૧૦ વર્ષ (વધુમાં વધુ૪૫ વર્ષની મર્યાદામાં)<br>આ છૂટછાટમાં, મહિલા માટેની છૂટછાટ કે જે દસ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે. કોઇપણ સંજોગોમાં એટલે કે ૪૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહી. |
| ૪ | માજી સૈનિકો | સરકારશ્રીની જોગવાઇઓ મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. |
| ૫ | શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો પૈકી જેઓને દ્રષ્ટિની ખામી **LV (Low Vision)** વિઝનની ક્ષતિ ધરાવતા હોય અથવા શ્રવણની અશકતતા **(HI)** ધરાવતા હોય અથવા હલનચલનની અશકતતા **OA(One Arm Affected)** અથવા **OL (One Leg Affected)** અથવા **BL (Both Leg Affected)** કેટેગરીમાં ૪૦ % થી ૭૫ % સુધીની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ (દસ)વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે | |

**અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને બિન અનામત ઉમેદવારો માટે જે વયમર્યાદા/માપદંડ નિયત થયેલ છે તે લાગુ પડશે.**

(૩.૩) અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દવારા આપવામાં આવેલ તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩.૪) અનામત કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ સાથેની ઉંમર, નિયત તારીખે કોઇ પણ સંજોગોમાં ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

(૩.૫) ગુજરાત સરકાર / બોર્ડ / કોર્પોરેશનમાં હંગામી મહેકમ ઉપર ફરજ બજાવતા ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ મુજબ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

**(૪)** <u>**શૈક્ષણિક લાયકાત** :</u>

(૪.૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૪.૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ

(૪.૩) ઉમેદવારે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક (બધા જ વર્ષ/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નક્લ કચેરી દવારા જયારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(૪.૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકકદાવો સ્વીકારવામાં આવશે નહી.

(૪.૫) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકકદાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો કચેરી માંગે ત્યારે આપવાની રહેશે.

(૪.૬) ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય )નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.

કોમ્પ્યુટર અંગેની **CCC** અથવા તેની સમકક્ષ રાજય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત સરકાર માન્ય સંસ્થામાંથી કરારીય સમયગાળા દરમ્યાન મેળવી લેવાની રહેશે

(૪.૭) જે ઉમેદવાર અન્ય રાજ્યની ડીગ્રી / ડીપ્લોમાં ધરાવતા હોય તેવા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી જે તે યુનિવર્સિટી / સંસ્થા ધ્વારા થયા બાદ જ નિમણૂંક અંગે નિર્ણય કરવામાં આવશે.

(૫) **<u>અનામત</u> : અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ**

(૫.૧) મૂળ ગુજરાતના હોય તેવા અનુજાતિ,અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે અને તે બાબતની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે

(૫.૨) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દવારા નિયત નમૂનામાં આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ કચેરી જયારે માગે ત્યારે આપવાની રહેશે.

(૫.૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ **<u>પરિશિષ્ટ-ક</u>** ના નમુનામાં નાણાંકીય વર્ષ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષનુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**(૬)** **<u>માજી સૈનિક</u>**

(૬.૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે

(૬.૨) માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુકની નકલ કચેરી જયારે માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૭) સરકારના સરકારી/અર્ધ-સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં ફરજ બજાવતા અધિકારી /કર્મચારીઓ પણ ઓનલાઇન અરજી કરી શકશે. પસંદગી પામેલ ઉમેદવારે કચેરી જયારે માંગે ત્યારે સક્ષમ અધિકારીનુ "**<u>ના-વાંધા પ્રમાણપત્ર</u>** " રજુ કરવાનુ રહેશે

(૮) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દવારા માંગવામાં આવેત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૯) ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૧૦) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂંક બોર્ડ દ્વારા બોર્ડકચેરી તેમજ રાજયમાં આવેલ બોર્ડના નિયંત્રણ હેઠળની અન્ય કચેરીમાં કરવાપાત્ર રહેશે

(૧૧) **ગેરલાયક ઉમેદવાર :**

(૧૧.૧) ઉમેદવારને ગુજરાત જાહેર સેવા આયોગ/ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળકે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દવારા કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેવુ કોઇ પણ તબકકે ધ્યાનમાં આવશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/નિમણૂંકરદ રદ કરવામાં આવશે.

(૧૧.૨) અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ/ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તેવુ કોઇ પણ તબકકે ધ્યાનમાં આવશે તો આવા ઉમેદવારની ઉમેદવારી રદ થવાને પાત્ર બનશે.

(૧૧.૩) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૧૧.૪) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણૂંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશેતેમજ નિયમોનુસાર ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે

(૧૧.૫) રૂબરૂ અરજી ચકાસણી દરમ્યાન ઉમેદવારે **On Line** અરજીપત્રકમાં બતાવેલી જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અને અન્ય લાયકાતો બાબતે જો કોઇ વિસંગતતા માલુમ પડશે તો તેઓની અરજી / નિમણૂંક રદ થવાને પાત્ર રહેશે

(૧૨) **<u>અરજી ફી સ્વીકારવા / જમા કરાવવા અંગે .</u>**

(૧૨.૧) ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફીસમાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે.

(૧૨.૨) જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૪૦૦/- અને રૂ.૧૨/-** સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૪૧૨/-** ભરવાના રહેશે.

(૧૨.૩) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૨૦૦/-અને રૂ.૧૨/-**સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૨૧૨/-** ભરવાના રહેશે.

(૧૨.૪) જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

(૧૨.૫) ઉપર દર્શાવ્યા સિવાયની અન્ય કોઇ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી

(૧૨.૬) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ**.૧૩<u>/૦૪/૨૦૧૮</u>** રહેશે.

(૧૨.૭) ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી

(૧૨.૮) અરજી ફી વગરની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી

(૧૩) **<u>અરજી કરવાની રીત</u>** :

(૧) રસ ધરાવતા ઉમેદવારોએ **<u>તા.૨૩/૦૩/૨૦૧૮(૧૪-૦૦ કલાક) થી તા.૧૧/૦૪/૨૦૧૮(૨૩-૫૯</u> કલાક)** દરમ્યાન **https://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સૂચનાઓ **https://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે

(૨) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં **https://ojas.guj.nic.in** પર જવું.

(૩) **Apply On Line** પર **Click** કરવાથી ભરવાપાત્ર જાહેરાતનો જાહેરાત ક્રમાંક , નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે

(૪) અરજી કરવા ઇચ્છતાં ઉમેદવારે નીચે **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે, **Application Format** માં સૌ પ્રથમ " **Personal Details** " ઉમેદવારે ભરવાની રહેશે. અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે

(૫) **Personal Details** ભરાયા બાદ " **Educational Details** " ભરવા માટે **Educational Details** પર **Click** કરવું.

(૬) તેની નીચે **Self Declaration** માં **Yes /No** પર **Click** કરવું.

(૭) **Save** પર **Click** કરવાથી તમારી અરજીનો ઓન લાઇન સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે.

(૮) પેજ ઉપરના ભાગમાં **Upload Photo** પર **Click** કરો, અહીં તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **OK** પર **Click** કરો. અહીં **Photo** અને **Signature Upload** કરવાના છે. (ફોટોનું માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ પહોળાઇ અને **Signature** નુ માપ ૨.૫ સે.મી.ઉંચાઇ અને ૭.૫ સે.મી.પહોળાઇ રાખવી). **Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG Format** માં **(15 KB) Size** થી વધારે નહી તે રીતે **Computer** માં હોવો જોઇએ." **Browse Button** " પર **Click** કરો. **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **JPG Format** માં તમારો ફોટો સ્ટોર થયેલ છે. તે ફાઇલને **Select** કરો અને " **Open Button** " ને કલીક કરો. **Browse Button** " ની બાજુમાં " **Upload Button** " પર **Click** કરો. જેથી બાજુમાં તમારો ફોટો દેખાશે. આ જ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.

(૯) પેજના ઉપરના ભાગમાં " **Confirm Application** " પર **Click** કરો. જયાં **Application Number** તથા **Birth Date Type** કર્યાબાદ **Ok** પર **Click** કરવાથી બે બટન (૧) **Application Preview** (૨) **Confirm Application** દેખાશે. ઉમેદવારે **Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઇ લેવા સલાહ આપવામાં આવે છે. અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **Edit Application** પર **Click** કરીને સુધારો કરી લેવો Confirm **બટન** Click **કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે પરંતુ અરજી** Confirm **કર્યા બાદ કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહી જેની સર્વે અરજદારોએ ખાસ નોંધ લેવી.** જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **Confirm Application** પર **Click** કરવું. **Confirm Application** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે. અહી **"Confirmation Number" Generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirmation Number** સિવાય કોઇ પણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇ પણ કાર્યવાહી ધ્યાને લેવાપાત્ર ઠરશે નહી. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં કોઇ પણ પત્ર વ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે

(૧૦) " **Print Application** " પર **Click** કરવું. અહીં તમારો **Confirmation Number** ટાઇપ કરવો અને **Print** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી અને કચેરી દવારા માંગણી કર્યેથી રજૂ કરવાની રહેશે.

(૧૧) **Confirm** થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર આપને**SMS** મળશે. જેથી અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી તેમજ આપેલ મોબાઇલ નંબર સતત ચાલુ રહે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી જે તે ઉમેદવારની છે. તેમાં ચૂક થયેથી કોઇપણ દાવો સ્વિકારપાત્ર રહેશે નહી જેની પણ ખાસ નોંધ લેવી.

**(૧૪) <u>પસંદગી / નિમણૂંકઅંગેની કાર્યવાહી</u>**

(૧૪.૧) અ.મ.ઇ. (સિ.) ની ૮૩ જગ્યા તેમજ અ.મ.ઇ. (યાં.)ની ૨૨ જગ્યા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સંવર્ગની જગ્યાઓમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા બોર્ડને અબાધિત રહેશે.

(૧૪.૨) ઉપરની જગ્યાઓ પર પસંદગી / નિમણૂંક કરવા માટે ઉમેદવારોની પસંદગી ૩૦૦ માર્કસની **OMR Sheet** આધિન પરિક્ષા તેમજ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સીની પરિક્ષા યોજીને કરવામાં આવશે. (**OMR** આધારીત પરિક્ષામાં નેગેટીવ માર્કસ રાખવામાં આવેલ નથી) લેખિત પરીક્ષા માટેનો સીલેબસ બોર્ડની વેબસાઇટ ઉપર હવે પછી મૂકવામાં આવશે. તેથી ઉમેદવારોએ બોર્ડની વેબસાઇટ જોવાની રહેશે.

(૧૪.૩) પરીક્ષાનું માળખુ નીચે મુજબ રહેશે

પેપર - ૧ - ૨૦૦ માર્કસ (તાંત્રિક),સમય ૨ કલાક (૧૨૦ મિનિટ ) ૧૨:૦૦ થી ૦૨:૦૦

પેપર - ૨ - ૧૦૦ માર્કસ (જનરલ નોલેજ) સમય ૧ કલાક (૬૦ મિનિટ) ૦૩:૦૦ થી ૦૪:૦૦

ઉમેદવારોનું પાસીંગ ધોરણ પેપર વાઇઝ મીનીમમ ૪૦ % નું રહેશે.

બન્ને પરીક્ષાઓ એક જ દિવસે તેમજ નિયત કરાયેલ પરીક્ષા મથકે લેવામાં આવશે બન્ને પરિક્ષા માટે અલગ-અલગ પરીક્ષા મથકો નહિ હોય.

(૧૪.૪) ઉપર (૧૪.૩) માં દર્શાવેલ જોગવાઇ પ્રમાણે પરિક્ષામાં ક્વોલીફાય થયેલ ઉમેદવારો પૈકી, જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ જગ્યાની સામે વધુમાં વધુ પાંચ ગણા ઉમેદવારોને મેરીટ મુજબ "કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી" ટેસ્ટ માટે બોલાવવામાં આવશે. આ પરીક્ષા ૫૦ ગુણની રહેશે જેમાં ૫૦ % પાસીંગનું ધોરણ રહેશે. આ પરીક્ષામાં મેળવેલ માર્કસને મેરીટમાં ગણવાના રહેશે નહીં. જે ઉમદવારો કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટમાં લઘુત્તમ ૫૦ % થી ઓછા ગુણ મેળવશે તેઓ નિમણૂંકને પાત્ર રહેશે નહીં

(૧૪.૫) કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટનું પરીણામ જાહેર થયા બાદ કેટેગરી વાઇઝ જગ્યાની સામે મેરીટ અનુસાર વધુમાં વધુ ત્રણ ગણા ઉમેદવારોનેપ્રમાણપત્રોની ચકાસણી માટે રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે.

(૧૫) આ જાહેરાત કોઇ પણ કારણસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે.

(૧૬) આ જાહેરાત અન્વયેની ભરતી પ્રક્રિયામાં ઉપર જણાવેલ કે નહીં જણાવેલ કોઇ પણ જોગવાઇ / બાબત અંગે કોઇ પણ પ્રકારના સુધારા-વધારા કે ફેરફાર અંગે બોર્ડના સભ્ય સચિવશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(૧૭) આ જાહેરાત અંગે પૂછપરછ માટે કચેરી સમય દરમ્યાન: **૦૭૯-૨૩૨૨૯૧૬૨** પીએબીએક્ષ - ૧૪૪ ફોન નંબર ઉપર સંપર્ક કરી શકાશે

સભ્ય સચિવ